ક્રમાંકઃ- **LED/FAC/e-file/11/2025/0017/M(3)**

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,

બ્લોક નં. ૫/૬, સચિવાલય, ગાંધીનગર.

**વિષયઃ- કારખાના ધારા, ૧૯૪૮ની કલમ ૪૫(૩) હેઠળ ફર્સ્ટ એઈડ ટ્રેનીંગ ઈન્સ્ટીટ્યુટની માન્યતા આપવા બાબત.**

**સંસ્થાઃ- Prosafe Process Engineering Pvt Ltd, 719, 720, 722 & 723, Western Business Park, Off. S. D. Jain School, University Road, Vesu, Surat**

**યાદીઃ-**

સંસ્થા Prosafe Process Engineering Pvt Ltd, 719, 720, 722 & 723, Western Business Park, Off. S. D. Jain School, University Road, Vesu, Surat દ્વારા કારખાના ધારા, ૧૯૪૮ની કલમ ૪૫(૩) હેઠળ ફર્સ્ટ એઈડ ટ્રેનીંગ ઈન્સ્ટીટ્યુટની માન્યતા આપવા બાબત માટે કરેલ રજુઆત અન્વયે સંસ્થાને સદરહું કારખાના ધારા, ૧૯૪૮ની કલમ ૪૫(૩) હેઠળ ફર્સ્ટ એઈડ ટ્રેનીંગ ઈન્સ્ટીટ્યુટની માન્યતા આપવા માટે નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, અમદાવાદ દ્વારા તા.૩૦/૧૦/૨૦૨૪ ના પત્રથી અભિપ્રાય સહિત સંસ્થાને કારખાના ધારા, ૧૯૪૮ની કલમ ૪૫(૩) હેઠળ ફર્સ્ટ એઈડ ટ્રેનીંગ ઈન્સ્ટીટ્યુટની માન્યતા આપવા માટે ભલામણસહ દરખાસ્ત કરેલ હતી.

જે મુજબ, સંસ્થા પાસે પ્રાથમિક સારવારની તાલીમ આપવા અંગે યોગ્ય સાધન સુવિધા ઉપલબ્ધ છે. જેમાં, સંસ્થામાં ટ્રેનીંગ માટે ૭૭૫.૪૪ ચો.ફુટ નો કુલ ૫૦ બેઠકની ક્ષમતાવાળો સંપૂર્ણ એ.સી. હોલ છે. તેમજ મહિલાઓ અને પુરૂષો માટે યુરીનલ, વૉશબેસીન સાથે લાઈટ અને પંખાની વ્યવસ્થા પુરી પાડવામાં આવેલ છે. સંસ્થામાં પ્રોજેકટર, લેપટોપ, ઈન્ટરનેટ, વાઈ-ફાઈ જેવી ઓડીયો વિઝ્યુઅલ સુવિધા છે. સંસ્થામાં ફસ્ટ એઈડ બુક્સ અને તાલીમ અભ્યાસ સામગ્રી છે. વધુમાં લાઈબ્રેરીઓ ઓનલાઈન અને ઓફલાઈન બંન્ને ઉપલબ્ધ છે. ઓનલાઈન લાઈબ્રેરીમાં કુલ ૫૧ પુસ્તકો ઉપલબ્ધ છે અને ઓફલાઈન લાઈબ્રેરીમાં કુલ ૧૩ પુસ્તકો ઉપલબ્ધ છે. અરજીમાં જણાવ્યા મુજબ સંસ્થા પાસે ૦૫ ટેકનિકલ ફેકલ્ટીઝ છે. તેઓ જ્યારે પણ તાલીમ માટે જરૂરી હશે ત્યારે ઉપલબ્ધ રહેશે.

આમ, સંસ્થા પાસે પ્રાથમિક સારવારની તાલીમ આપવા માટે DGFASLI, મુંબઈની માર્ગદર્શિકા મુજબની જરૂરી સુવિધાઓ/સગવડ ઉપલબ્ધ હોઇ, નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, ગુ.રા., અમદાવાદની સંસ્થાને કારખાના ધારા, ૧૯૪૮ની કલમ ૪૫(૩) હેઠળ ફર્સ્ટ એઈડ ટ્રેનીંગ ઈન્સ્ટીટ્યુટની માન્યતા આપવા અંગેની ભલામણ અન્વયે કારખાના ધારા, ૧૯૪૮ની કલમ ૪૫(૩) હેઠળ ફર્સ્ટ એઈડ ટ્રેનીંગ ઈન્સ્ટીટ્યુટની માન્યતા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

કાળજીપૂર્વકની વિચારણાને અંતે સંસ્થા Prosafe Process Engineering Pvt Ltd, 719, 720, 722 & 723, Western Business Park, Off. S. D. Jain School, University Road, Vesu, Suratને કારખાના ધારા, ૧૯૪૮ની કલમ ૪૫(૩) હેઠળ સરકારને મળેલ સત્તાની રૂએ ફર્સ્ટ એઈડ ટ્રેનીંગ ઈન્સ્ટીટ્યુટની માન્યતા આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(એમ. જી. બંધિયા)**

ઉપ સચિવ

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ**

**પ્રતિ,**

- નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, શ્રમભવન, ખાનપુર, અમદાવાદ.
- સંયુકત નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, આઈ-બ્લોક, ૭મો માળ, કોઠી કચેરી, કંમ્પાઉન્ડ, કુબેરભવન, સુરત.
- ચેરમેનશ્રી, Prosafe Process Engineering Pvt Ltd, 719, 720, 722 & 723, Western Business Park, Off. S. D. Jain School, University Road, Vesu, Surat.
- શાખા સિલેકટ ફાઈલ – ૨૦૨૫.

*Signature Not Verified*

*Signed by:M G Bandhiya*
*Under Secretary*
*Date:2025.02.20*
*13:00:32 +5:30*